# રાજ્યના આઠ જિલ્લામાં ભરશિયાળે ચોમાસાનો માહોલ

## કચ્છમાં કરા પડ્યા, ખેડૂતોની ચિંતા વધી ગઈ : રવિ પાક માટે કમોસમી વરસાદને પગલે ખેડુતો પર આફતના ઓળા દેખાઈ રહ્યા છે, અંબાજીમાં વરસાદી માહોલથી વાતાવરણ ઠંડુગાર બન્યું છે

અમદાવાદ,તા.૨૮

આજે ગુજરાતના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી હતી. જેના ભાગરૂપે આજે અમદાવાદ સહિત કચ્છ અને ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણામાં માવઠું પડવાની આગાહી કરાઈ હતી. ત્યારે અમદાવાદ સહિત બનાસકાંઠાના પાલનપુર, ડીસા અને થરા વિસ્તારમાં વહેલી સવારે વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના મતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં કેટલાક વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહીથી કમોસમી વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. આ અગાઉ નવેમ્બરના અંતમાં અને ડિસેમ્બરની શરૂઆતમાં પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે. આગાહીના પગલે માર્કેટિંગ યાર્ડમાં રાખવામાં આવેલો પાક પણ ઢાંકી દેવામાં આવ્યો છે. આજે વહેલી સવારે મહેસાણા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજીમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે. ઉત્તર ગુજરાતમાં હવામાન વિભાગે માવઠાની આગાહી કરી હતી, જેના ભાગરૂપે ભરશિયાળે આજે પરોઢીયે વરસાદ પડ્યો અને હવે શિયાળુ પાકને નુકશાનની ભીતિ સેવાઈ રહી છે. કપાસ, એરંડા, રાયડાના પાકમાં ખેડૂતોને નુકશાન થઈ શકે છે. આજે વહેલી સવારથી જ અંબાજી પંથકના વાતાવરણમાં પલટો આવ્યો છે.

હવામાન વિભાગની આગાહીના પગલે વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી અંબાજી પંથકમા વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. રાત્રિ દરમ્યાન છુટા છવાયા





વરસાદી હળવા ઝાપટા પડ્યા છે. ભરશિયાળે કમોસમી વરસાદી માવઠુ થતા ખેડૂતો ચિંતિત બન્યા છે. રવિ પાક માટે કમોસમી વરસાદને પગલે ખેડુતો પર આફતના ઓળા દેખાઈ રહ્યા છે. અંબાજીમાં વરસાદી માહોલથી વાતાવરણ ઠંડુગાર બન્યું છે. આજે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે માવઠાની અસર જોવા મળી છે. ગાંધીનગરમાં પરોઢીયે ચોમાસામાં પડે એ પ્રકારે વરસાદ વરસ્યો હોવાના સમાચાર મળ્યા છે.

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો છે. મોડાસા સહીત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. રાત્રી દરમિયાન કમોસમી વરસાદ વરસતા જાણે ચોમાસાની સીઝન હોય તેવો ભાસ થયો છે. ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ભરશિયાળામાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠાનો માર પડ્યો છે. મોરબી, કચ્છ, બનાસકાંઠા, અરવલ્લીમાં ભર શિયાળે કમોસમી વરસાદ થયો છે. હળવદના રણકાંઠા વિસ્તાર ટીકર, અજીતગઢ, નવા ઘાંટીલા, મીયાણીમાં વરસાદ થયો છે. આથી વિશેષ કમોસમી વરસાદ વચ્ચે કચ્છમાં કરા પડ્યાં છે. માંડવીના પુનડી-ધૂણઈ સીમાડામાં પણ કરા પડ્યાં. કમોસમી વરસાદ સાથે કરા પડતા ખેડૂતો અને માલધારીઓની ચિંતા વધી છે. અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પણ મોડી રાત્રે વરસાદી માહોલ છવાયો હતો. ભરશિયાળે કમોસમી વરસાદના કારણે ખેડૂતોને માથે મુશ્કેલીના વાદળો છવાયા છે. રાયડો, ઘઉં, જીરું, કપાસ, એરંડાના પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ઉત્તર ગુજરાતાના કેટલાક જિલ્લામાં મોડી રાત્રે માવઠું થયું હતુ. સાબરકાંઠા જિલ્લામાં રાત્રે પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજયમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે સાથે અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ છે. ત્યારે કચ્છમાં વરસાદ સાથે કરા પડતા લોકો અને ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે. આ સાથે માંડવીના પુનડી-ધૂણઈ સીમાડામાં પણ કરા પડ્યાં છે. કમોસમી વરસાદ સાથે કરા પડતા ખેડૂતો અને માલધારીઓની ચિંતા વધી છે. સૌરાષ્ટ્રના હળવદ સહિતના રણકાંઠા વિસ્તારમાં સોમવારે કમોસમી વરસાદ વરસ્યો છે. જેના કારણે અગરિયાઓને નુક્શાનના અહેવાલ છે.

આજે પણ ઉત્તર ગુજરાતમાં માવઠાંની અને ત્યારબાદ બુધવારથી તાપમાનમાં ૫ સે.સુધી ઘટાડા સાથે ફરી કડકડતી ઠંડી પડવાની શરૂ થવાની આગાહી કરવામાં આવી છે. હળવદ પંથકના ટીકર, અજીતગઢ, નવા ઘાંટીલા, મિયાણી સહિતના ગામોમાં સોમવારે સાંજે વાદળિયા હવામાન વચ્ચે કમોસમી વરસાદ વરસ્યો હતો. જેના કારણે શિયાળુ પાકમાં નુક્શાની સાથે અગરિયાઓમાં પણ ચિંતાનો માહોલ છવાયો હતો.

# ૧૫-૧૮ વર્ષના બાળકોને શાળામાં જ રસી અપાશે

## આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે માહિતી આપી : સિવાય હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત શાળાએ ન જતાં ૧૫થી ૧૮ વર્ષના બાળકોને વેક્સિન અપાશે

અમદાવાદ, તા.૨૮

દેશમાં ઓમિક્રોન વેરિયન્ટ ચિંતાનો વિષય બન્યો છે. કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. તો રસીકરણ પ્રક્રિયા પણ પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે રાજયમાં ૧૫થી ૧૮ વર્ષના બાળકોના રસીકરણને લઈને એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. આગામી ત્રીજી જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષના બાળકોને રસી આપવાનું શરૂ થશે. રાજ્યાના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે આ માહિતી આપી છે. મહત્વનું છે કે, કેન્દ્રીય આરોગ્ય સચિવની વિવિધ રાજ્યોના આરોગ્ય સચિવો સાથે વીડિયો કોન્ફરન્સ પણ યોજાઈ હતી. જેમાં કોરોના અને ઓમિક્રોન વાયરસને લઈને સમીક્ષા પણ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે રસીકરણ અંગે વાત કરતા કહ્યું કે, દેશમાં ચિંતાનો વિષય બનેલો ઓમિક્રોન વેરિયન્ટ અને ૧૫થી ૧૮ વર્ષના બાળકોને રસી, હેલ્થકેર વર્કર્સ ફ્રન્ટલાઈન વર્કર્સને પ્રોત્સાહક ડોઝ આપવામાં માટે કેન્દ્રીય આરોગ્ય સચિવ દ્વારા આજે રાજ્યોના આરોગ્ય સચિવો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યો કેવી તૈયારીઓ છે એની પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

મનોજ અગ્રવાલે આગળ વાત કરતા જણાવ્યું કે, રાજયભરમાં આગામી ૩જી જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષના બાળકો, વિદ્યાર્થીઓને કોરોના સામે રક્ષિત કરવા માટે વેક્સિનેશન કામગીરી હાથ ધરાશે. જેમાં જિલ્લાકક્ષાએ આરોગ્ય અધિકારીઓને આયોજન કરવા માટે સૂચના પણ આપી દેવામાં આવી છે. જેના માટે રાજ્યોની વિવિધ શાળાઓમાં રૂટિનમાં જે વેક્સિનેશન કામગીરી ચાલી રહી છે, તેની સાથે જ વેક્સિનેશન અભિયાન હાથ ધરાશે. આ સિવાય હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત શાળાએ ન જતાં ૧૫થી ૧૮ વર્ષના બાળકોને વેક્સિન અપાશે. જેના માટે રાજ્યભરમાંથી ૩૦ લાખ બાળકોનો ડેટા આરોગ્ય વિભાગે એકત્ર કર્યો છે. આના માટે રાજ્ય સરકાર પાસે પૂરતો રસીનો જથ્થો પણ ઉપલબ્ધ છે. મનોજ અગ્રાવલના જણાવ્યા મુજબ, રાજ્યના હેલ્થ વર્કર્સ, ફ્રંટલાઈન વર્કર્સ અને સિનિયર સિટીઝન્સને પણ પ્રોત્સાહક ડોઝ આપવાનો નિર્ણય કેન્દ્ર સરરાકરે કર્યો છે. જે માટે સંપૂર્ણ આયોજન પણ કરવામાં આવ્યું છે. આ સિવાય બીજા સારા સમાચાર એ પણ છે કે, જે લોકોએ બંને રસીના ડોઝ લીધા હોય અને તેઓને ૩૯ અઠવાડિયાનો સમય થઈ ગયો હોય એવા નાગરિકોને પણ પ્રોત્સાહક ડોઝ આપવામાં આવશે. હાલ રાજ્યમાં ૬.૨૪ લાખ હેલ્થ કેર વર્કર્સ અને ૩.૧૯ લાખ ફ્રંટ લાઈન વર્કર્સ મળીને કુલ ૬.૪૦ લાખ લોકો રસી મેળવવા પાત્ર છે. આ તમામ લોકોને આગામી ૧૦ જાન્યુઆરીથી આ પ્રોત્સાહક ડોઝ આપવાની કામગીરી હાથ ધરાશે. બાદમાં જે લોકો રસી મેળવવા પાત્ર થતા જશે તેમ તેમ એ લોકોને પણ પ્રોત્સાહક ડોઝ આપવાની કામગીરી હાથ ધરવા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ઉપરાંત ૬૦ વર્ષથી વધુની ઉંમરના સિનિયર સિટીઝન્સને પણ પ્રોત્સાહક ડોઝ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજયમાં ૩૭ હજાર લોકો પાત્રતા ધરાવે છે. એ લોકોને પણ પ્રોત્સાહક ડોઝ આગામી ૧૦મી જાન્યુઆરીથી આપવામાં આવશે. આ સિવાય જેમ જેમ વયસ્ક લોકો પાત્રતા ધરાવતા થશે તેમ તેમ તમામને પ્રોત્સાહક ડોઝ અપાશે. હાલ રાજમાં ૪૫ લાખ જેટલા વેક્સિનના ડોઝ ઉપલબ્ધ છે. જેમ જેમ રાજ્યમાં રસીની જરૂરિયાત ઊભી થશે તેમ તેમ કેન્દ્ર સરકાર દ્વારા જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવશે.



આગામી દિવસોમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટનુ ભવ્ય આયોજન થવા જઈ રહ્યુ છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટની તૈયારીઓને આખરી ઓપ આપવામાં કારીગરો કામે લાગી ગયા છે. મહાત્મા મંદિરને કલર સ્પ્રે મારવામાં આવી રહ્યો છે. દોરડાના સહારે કારીગરો કલર કરતા જોવા મળી રહ્યા છે.



ગાંધીનગરની ઓળખ તેના બગીચાઓ છે. શહેરની સ્થાપના વખતે બનાવાયેલા આ બગીચાઓ વેરાન થઈ જતાં થોડાક સમય અગાઉ આ બગીચાઓનું નવીનીકરણ હાથ ધરાયુ હતુ. સેક્ટરોના બગીચાઓ નવીનીકરણ પામતા હવે વધુ જીવંત લાગી રહ્યા છે. નવીનીકરણ પામેલા ૧૪ બગીચાઓનું આજે ઈ-લોકાર્પણ કરાશે.

# જેઈઈ મેઈન અંગે વિદ્યાર્થી વાલીઓ મૂંઝવણમાં મુકાયા

અમદાવાદ, તા.૨૮

જે વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવો હોય તેમના માટે જેઈઈ પરીક્ષા લેવામાં આવે છે જેનું આયોજન નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા કરવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં નવા વર્ષ માટે થનારી જેઈઈ પરીક્ષા માટે ડિસેમ્બરમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવતી હોય છે, પરંતુ એજન્સી દ્વારા હજી સુધી આ પ્રક્રિયાની શરુઆત કરવામાં નથી આવી. પાછલા એક વર્ષમાં ચાર વખત આ પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. હવે આગામી વર્ષે ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ અને મે મહિનામાં જેઈઈ-મેઈન લેવાશે કે નહીં તે પ્રશ્ન વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે દેશની આઈઆઈટી સહિતની અન્ય ટેક્નિકલ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ લેવામાં આવે છે. પહેલા વર્ષમાં એક વખત જેઈઈ લેવામાં આવતી હતતી, પરંતુ ગયા વર્ષથી વિદ્યાર્થીઓની સહુલત માટે વર્ષમાં ચાર વખત જેઈઈ લેવાની જાહેરાત કરવામાં આવી હતી. ગયા વર્ષે કોરોના મહામારીને કારણે તમામ ચાર પરીક્ષાઓની તારીખમાં ઘણાં ફેરફાર કરવામાં આવ્યા હતા. ઘણીવાર તારીખ જાહેર કર્યા પછી પણ બદલી કાઢવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨ માટે ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ અને મે મહિનામાં જેઈઈ પરીક્ષાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા એક મહિના પહેલા રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવે છે. પરંતુ ડિસેમ્બર સમાપ્ત થવા આવ્યો ત્યાં સુધી કાર્યવાહી શરુ કરવામાં નથી આવી અને કોઈ પ્રકારની જાહેરાત પણ કરવામાં નથી આવી. વર્તમાન સ્થિતિની વાત કરીએ તો ગુજરાત સહિત દેશભરમાં ઓમિક્રોન વેરિયન્ટના કેસ વધી રહ્યા છે. શક્ય છે કે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને પરીક્ષાની કાર્યવાહી શરુ કરવામાં ન આવતી હોય. નોંધનીય છે કે વિદ્યાર્થી જો ચાર પરીક્ષા આપે તો તેમાં સૌથી વધારે જે માર્ક હોય તેને માન્ય ગણવામાં આવશે, માટે મોટાભાગના વિદ્યાર્થીઓ ચાર પરીક્ષા આપતા હોય છે.

# અમદાવાદ ખાતે ''એએસીએ ક્રિકેટ કાર્નિવલ-૨૦૨૧'' યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના સૌથી મોટા એડવર્ટાઈઝીંગ અને મીડિયા એસોસિએશન એએસીએ દ્વારા




તાજેતરમાં ''એએસીએ ક્રિકેટ કાર્નિવલ-૨૦૨૧''નું આયોજન ટર્ફ સ્પોર્ટસ બોડકદેવ અમદાવાદ ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું. આ રાત્રિ ક્રિકેટ ટૂર્નામેન્ટ ૧૨ ટીમો વચ્ચે રમાઈ જેમાં એડવર્ટાઈઝિંગ એજન્સીના ૧૨૮ ખેલાડીઓએ ભાગ લઈને ૪૩ ધમાકેદાર રોમાચંક મેચો દ્વારા તેમની પ્રતિભાવનો પરિચય આપ્યો હતો.

અભિક એડવેન્ચર, આદિશ્વર પરફોરમર્સ, અજીત એથલેટ્સ, દિપ્તિ હીરોઝ, અશ્વિન વિકટર્સ, જેસીકા વોરીયર્સ, ખુશી બ્રીગેડીયર્સ, પૂર્ણિમા પ્રાઈડસ્, રેમન્ડ પી.જી. રાઈડર્સ, શાર્પ શૂટર્સ, ધ મીડીયા કાફે ટુપર્સ, વર્ધમાન એવન્જર્સ ટીમો વચ્ચે ધમાકેદાર પરફોર્મન્સ સાથે ક્ષણ પ્રતિક્ષણ ખૂબજ રોમાચંક બનતી રહેલી મેચોમાં ''વર્ધમાન એવેન્જર્સ''ની ટીમ ઝળહળતા રમત પ્રદર્શન દ્વારા કપ વિજેતા બની. એએસીએના પ્રમુખ મનીષ ગાંધી, સેક્રેટરી પ્રદિપ મહેતા, ઉપપ્રમુખ સમીર શાહ, પીનલ શાહ તથા એક્ઝિક્યુટિવ કમીટીના સભ્યો સર્વ સંદિપ શાહ, રાજેન્દ્ર સોની, જીગ્નેશ ગાંધી, હાર્દિક શાહ તથા ક્રિકેટ કમીટીના સાગર ગાંધી તથા મૌલીન સોનીએ વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરી.

### વધુ 3 કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે વધુ એક દર્દી કોરોના મુક્ત થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. મળતા નિર્દેશો મુજબ શહેરમાં હવે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાશે તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી પણ અસરકારક કરવામં આવશે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશન, ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક થાય તે માટે સૂચનાઓ આપવામાં આવી છે.

### અષાઢી નઝારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાદળિયા વાતાવરણ વચ્ચે વહેલી સવારથી શહેરમાં અસહ્ય ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. વાતાવરણમાં સવારે ભેજનુ પ્રમાણ પણ વધીને ૯૨ ટકા સુધી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. જયારે રાત્રિ અને દિવસના અંતે શહેરમાં માત્ર ૦.૫ મી મી વરસાદ નોધાયો હતો. વરસાદના હળવા ઝાપટા સાથે ઠેર ઠેર ભીંજારાની સ્થિતિ સર્જાઇ હતી. મોડીરાત્રે ભીની માટીની મહેંક વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. ભર શિયાળામાં અષાઢી માહોલ જોવા મળ્યો હતો. આજે સવારથી પણ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો. વરસાદી વાદળોના લીધે સવારથી દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ નિખર્યુ હતુ. જેના લીધે દિવસની ઠંડી પણ અસહ્ય બની હતી. નગરજનો દિવસે પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. શિયાળાની ઋતુમાં સતત ત્રીજીવાર વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. મોસમના સતત બદલાતા મિજાજથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે. જયારે વરસાદી ઝાપટા અને આકરી ઠંડી વચ્ચે શહેરના જનજીવનમાં પણ રાત્રિના સમયે સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. છેલ્લા ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં ૭ ડીગ્રીની ગિરાવટ જોવા મળી છે. જયારે ઠંડીનો પારો પણ ૨.૫ ડીગ્રી વધ્યો છે. જેના લીધે આજે દિવસે અને રાત્રિના સમયે આકરી ઠંડીથી શહેરીજનો ઘરની બહાર નિકળવાનુ પસંદ કર્યુ ન હતુ. વરસાદી વાતાવરણના લીધે શહેરમાં દિવસ દરમિયાન હીલ સ્ટેશન જેવો નઝારો સર્જયો હતો. નગરજનોએ લવલી મોસમનો લુફ્ત ઉઠાવ્યો હતો. શિયાળાની મોસમ નિખરી છે. પરંતુ વારંવાર વાતાવરણમાં સર્જાતા નાટયાત્મક પલ્ટાના લીધે વારંવાર વાદળિયા વાતાવરણ વચ્ચે માવઠુ થતા નગરજનો મોસમના વિચિત્ર મિજાજનો અહેસાસ કરી રહ્યા છે.

### ડ્રો કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભાર્થીઓ મળ્યા ન હતા. જયારે ગુડા દ્વારા યોજવામાં આવેલી બોર્ડ બેઠકમાં સરકારી ગાઈડલાઈન મુજબ અનામત કેટેગરીમાં લાબાર્થીઓનુ પુરતી સંખ્યા ન થાય તો પડતર રહેતા આવાસોની ફાળવણી અન્ય કેટેગરીમાં ફાળવનાનો નિર્ણય લેવાયો હતો જેના અનુસંધાને ગુડાને પડતર રહેલા ૧૦૩ એલ આઈ જી આવાસ અન્વયે ૧૫૮ અરજી મળી છે. જયારે એમ આઈ જી આવાસોમાં ૩૮ ની સામે ૬૧૪ અરજી મળી છે.

### ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની ભલામણ કરી હતી. પાકિસ્તાનથી જસવિન્દર સિંહ મુલ્તાનીને હથિયારો મળતા હતા. અત્રે જણાવવાનું કે ૨૩ ડિસેમ્બરે પંજાબના લુધિયાણાની કોર્ટમાં મોટો વિસ્ફોટ થયો હતો જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ૬ લોકો ઘાયલ થયા હતા. ત્યારબાદ પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે બોમ્બ પ્લાન્ટ કરતી વખતે ધડાકો થઈ ગયો હતો અને બોમ્બ લગાવવા આવેલો પંજાબ પલીસનો સસ્પેન્ડેડ કોન્સ્ટેબલ ગગનદીપ વિસ્ફોટની ઝપેટમાં આવીને માર્યો ગયો હતો. ગગનદીપ પંજાબના ખન્ના શહેરનો રહીશ હતો. વર્ષ ૨૦૧૯માં ગગનદીપ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ કેસ દાખલ કરાયો હતો અને તેની ધરપકડ કરાઈ હતી. ત્યારબાદથી તે લુધિયાણાની સેન્ટ્રલ જેલમાં બંધ હતો. જેલની અંદર જ તેણે લુધિયાણા કોર્ટમાં ધડાકાનું ષડયંત્ર રચ્યું હતું.

### ચલો એલર્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાટનગરમાં શાળા, સિનેમા હોલ બંધ કરી દેવાયા છે તથા મેટ્રો, ઓફિસો અને રેસ્ટોરન્ટ્સ ૫૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રાખવાની પરવાનગી અપાઈ છે. તેમણે જણાવ્યું કે કોરોનાના કેસ વધ્યા છે પરંતુ હજુ કોરોના હળવો છે, જેના લીધે હજુ સુધી ઓક્સિજન કે વેન્ટિલેટર બેડની જરુરમાં ઉછાળો આવ્યો નથી. કેજરીવાલે કહ્યું કે, અગાઉ દિલ્હીમાં કોરોનો રાફડો ફાટ્યો હતો તેના કરતા આ વખતે અમે ૧૦ ગણા વધુ તૈયાર થઈને બેઠા છીએ. દેશની રાજધાની દિલ્હીમાં સોમવારે છ મહિના પછી કોરોનાના કેસમાં ઉછાળો નોંધાયો છે, જેમાં એક જ દિવસમાં ૩૩૧ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યના એક્ટિવ કેસનો આંકડો વધીને ૧૨૮૯ થઈ ગયો છે.

### ત્રીજી લહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમાં વધતા કેસને પગલે ઘેરી ચિંતાના વાદળો ફેલાયા છે. ફરીથી લોકડાઉન આવશે એવી ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. અમદાવાદના પાર્ટી પ્લોટ એસોસીએશનના હોદ્દેદારો આજે મુખ્યમંત્રીને મળ્યા હતા અને તેમને ૪૫ દિવસ લગ્ન-પ્રસંગોમાં મહેમાનોની મુક્તિ ૪૦૦ રાખવા રજૂઆત કરી હતી. જોકે સરકારે હજુ કોઈ પ્રતિભાવ આપ્યો નથી. રાજ્યમાં ધંધા-વેપાર છેલ્લા બે મહિનાથી માંડમાંડ પાટે ચડ્યા છે ત્યારે એકાએક વધતા કેસથી વેપારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. શાળાઓમાં ઓફલાઈન વર્ગો બંધ થશે એવી દહેશત વચ્ચે વાલીઓ છેલ્લા બે દિવસથી વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનું બંધ કર્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ